# એક બાળકને બચાવવા બે મહિના સુધી બીજા મૃત બાળકને ગર્ભમાં રાખવું પડ્યું

**ગાંધીનગરમાં બન્યો પ્રસૂતિનો જવલ્લે જ જોવા મળતો કિસ્સો**

**કડીની મહિલાના ગર્ભમાં ઉછરતાં ટ્વીન્સમાંથી એક બાળકી 7મા મહિને જ મૃત્યુ પામી હતી**

આશિષ આચાર્ય . ગાંધીનગર

તબીબી વિજ્ઞાન ગમે તેટલું આગળ વધી જાય પરંતુ કુદરતની કરામતને સમજવામાં હંમેશાં વામણું પુરવાર થયું છે. જોકે કુદરતના પડકારોનો સામનો કરવામાં અને સફળ થવામાં પણ મેડિકલ સાયન્સ સફળ રહ્યું છે. માતાના ગર્ભમાં ઉછરી રહેલાં ટ્વીન્સમાંથી જીવિત બાળકને બચાવવા માટે મૃત બાળકને બે મહિના સુધી ગર્ભમાં જ રાખવાનો તબીબી વિજ્ઞાન અને કુદરતના ખેલ સમો પ્રસુતિનો આવો જ એક કિસ્સો ગાંધીનગરમાં બન્યો છે. શુક્રવારે સવારે એક કલાકના સિઝેરિયન ઓપરેશન પછી જીવિત



બાળકીનો જન્મ કરાવાયો હતો અને મૃત બાળકીને બહાર કાઢવામાં આવી હતી.

કડી નજીકના ભગાપુરા ગામના 25 વર્ષીય જાગૃતિબહેન સુરેન્દ્રભાઇ સોલંકીને ગુરુવારે સવારે પ્રસૂતિ માટે પેથાપુરમાં આવેલા ગોયન્કા સિટી સેન્ટરમાં દાખલ કરવામાં આવ્યાં હતાં. સફળ ઓપરેશન કરનારા ડો. નરેન્દ્ર કે. પટેલે જણાવ્યું હતું કે પ્રસૂતિનો આ કિસ્સો તબીબી વિજ્ઞાન માટે રેરેસ્ટ ઓફ રેર ગણી શકાય. ગાંધીનગરના ઇતિહાસમાં અને 25 વર્ષની ગાયનેકોલિજિસ્ટની કારકિર્દીમાં આવો કિસ્સો બન્યો નથી. સગર્ભા થયેલાં જાગૃતિબહેનનું ગર્ભ પરિક્ષણ કરવામાં આવ્યું ત્યારે તેમને ટ્વીન્સ હોવાનું નિદાન થયું હતું. જોડિયાં બાળકો હોવા છતાં બંને બાળક જુદાં જુદાં સ્ત્રીબીજમાંથી જન્મ્યાં હતાં. જેને કારણે બંને જુદી જુદી એમ્નીઓટિક સેક (કોથળી)માં ઉછરી રહ્યાં હતાં. 7મા મહિને કરાયેલા સોનોગ્રાફી ટેસ્ટમાં એક બાળક પોષણના અભાવે મૃત હોવાનું નિદાન કરાયું હતું જ્યારે બીજું બાળક તંદુરસ્ત હતું.

સોનોગ્રાફી ટેસ્ટ અને નિદાન બાદ મૃત બાળકને ગર્ભમાંથી બહાર કાઢવા જતાં બીજું બાળક અને માતાના જીવને પણ જોખમમાં મૂકવા જેવી સ્થિતિ ઊભી થઈ હતી. ડો. પટેલે કહ્યું હતું કે તેમણે જાગૃતિબહેનના પરિવાર સામે બે વિકલ્પ મૂક્યા હતા, જેમાં 7મા મહિને જ ઓપરેશન કરી બંને બાળકને બહાર કાઢવાનો એક વિકલ્પ આપ્યો હતો. પરંતુ તેમાં જીવિત બાળકના બચવાની શક્યતા નહિવત્ હતી. બીજા વિકલ્પ તરીકે મૃત બાળકને ગર્ભમાં જ રાખીને પૂરા મહિને સિઝેરિયન ઓપરેશન કરી જીવિત બાળકનો જન્મ કરાવવો.

સગર્ભાના પરિવારજનોએ બીજો વિકલ્પ પસંદ કરતાં બે મહિના સુધી મૃત અને જીવિત બાળકોને ગર્ભમાં રાખવામાં આવ્યાં હતાં. શુક્રવારે સવારે ઓપરેશન દ્વારા ડિલિવરી કરી 2.5 કિલો વજનની જીવિત બાળકીનો જન્મ કરાવાયો હતો જ્યારે પોષણના અભાવે ગર્ભમાં મૃત્યુ પામેલી 1.4 કિલો વજનની બાળકીનો નિકાલ કરવામાં આવ્યો હતો. ડો. પટેલે કહ્યું હતું કે માતા અને બાળકી બંને સ્વસ્થ છે.

## બ્લોકેજને કારણે એક બાળકી મૃત્યુ પામી

**બંને** બાળક જુદાં જુદાં સ્ત્રીબીજમાંથી જન્મ્યાં હતાં એટલે બંને જુદી જુદી એમ્નીઓટિક સેકમાં ઉછરી રહ્યાં હતાં. પરંતુ એક બાળકીને 7મા મહિને જ લોહી અને પોષણ મળતું બંધ થઈ ગયું હતું. ગર્ભનાળમાં બ્લોકેજ થઈ જતાં બાળકી મૃત્યુ પામી હતી. માતામાં ખામી હોત તો બંને બાળકી મૃત્યુ પામી હોત. વધુમાં બંને એક જ કોથળીમાં હોત તોપણ બંને બાળકી ગર્ભમાં જ મૃત્યુ પામી હોત.